આદર્શ નિવાસી શાળા (વિ.જા.) ખંભાળીયા
સંકુલમાં નર્મદા પાઇપલાઇન નાખવા અંગે
ખર્ચની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૭/૩૪૨૩૨૨/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૯/૨૦૧૭
28 SEP 2017

વંચાણમાં લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૭/૦૬/૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃ વિજાક/૨૦૧૭/આનિશા/પા.જો./૬૧૨

આમુખ :

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના તા. ૦૭/૦૬/૨૦૧૭ ના પત્રથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની આદર્શ નિવાસી શાળા, કુવાડીયા પાટીયા પાસે, જામખંભાળીયા નવા સંકુલમાં પીવાના તથા રોજીંદા વપરાશ માટે પાણીની વ્યવસ્થા માટે નર્મદા પાઇપલાઇન કનેકશન પોઇંટથી સંકુલ સુધી અન્ડરગ્રાઇન્ડ પાઇપલાઇન નાખવામાં થનાર કુલ રૂ.૨,૭૫,૧૧૦/- (અંકે રૂપિયા બે લાખ પંચોતેર હજાર એકસો દશ પુરા)નાં ખર્ચને મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા, કુવાડીયા પાટીયા પાસે, જામખંભાળીયા નવા સંકુલમાં પીવાના તથા રોજીંદા વપરાશ માટે પાણીની વ્યવસ્થા માટે નર્મદા પાઇપલાઇન કનેકશન પોઇંટથી સંકુલ સુધી અન્ડરગ્રાઇન્ડ પાઇપલાઇન નાખવામાં થનાર કુલ રૂ.૨,૭૫,૧૧૦/- (અંકે રૂપિયા બે લાખ પંચોતેર હજાર એકસો દશ પુરા) નાં ખર્ચને નીચે દર્શાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૭-૧૮નાં વર્ષની બજેટ જોગવાઇને આધિન રહી નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો/ઠરાવો/પરિપત્રોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિએ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૫/૦૯/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. એમ. ઘાંચી )
સેકશન અધિકાંરી
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ,, સચિવાલય, ગાંધીનગર.
- ના.કા.ઇ.શ્રી, ના.કા.ઇ.શ્રીની કચેરી, જા.આ.સુ.પેટા વિભાગ, એસ.ટી.ડેપો પાસે, ખંભાળીયા.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકા
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) દેવભૂમિ દ્વારકા (નિયામકશ્રી (વિ.જા.)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ, કો.સેલ શાખા, સા.ન્યા.અને અ.વિ,, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૭